દાખલ તારીખ :– ૦૭–૦૩–૨૦૨૬
નોંધણી તારીખ :– ૦૭–૦૩–૨૦૨૬
ફેંસલ તારીખ :– ૨૩–૦૩–૨૦૨૬
સમયગાળો :– **<u>વર્ષ–માસ–દિવસ</u>**
**૦૦ – ૦૦ – ૧૬**

**<u>પાટણના મે.ચોથા એડીશનલ સેશન્સ જજ શ્રીની કોર્ટમાં, મુ.પાટણ.</u>**

**ક્રિ.પર.અ.નં. ૧૮૮/૨૦૨૬**

**આંક :– ૧૦**

**અરજદાર :–** જેતાજી ગણેશજી રાજાજી ઠાકોર,
ઉ.વ.૨૫, ધંધોઃ ખેતી,
રહે. ઉગમણી પાટી, નદાણાપુરા ખેતરમાં બોર ઉપર,
મુ.સાંપ્રા, તા.સરસ્વતી, જી.પાટણ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** શ્રી સરકાર

**બાબત :– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવાની અરજી...**

**એડવોકેટસ :–**

અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રી એ.એમ.ઠક્કર

સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ. એ.પી.પી.શ્રી જે.જે.બારોટ

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી સરસ્વતી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૧૭૦૪૧૨૫૦૩૭૧/૨૦૨૫, ઇ. પી. કોડની કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી),૧૧૪ મુજબના નોંધાયેલા ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, તેઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજીમાં જણાવેલ કારણો અને હકીકત મુજબ જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલ છે.

(૨) ફરિયાદની હકિકત ટુંકમાં એવી છે કે, ફરીયાદમાં જણાવેલ ધી સાંપ્રા સેવા સહકારી મંડળી લી.ના તહોમતદાર નં.૧ તત્કાલીન પ્રમુખ રાજાજી રમાજી ઠાકોર રહે.સાંપ્રા તા.સરસ્વતી જી.પાટણ વાળાએ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ દરમ્યાન બેંકમાંથી મેળવેલ કે.સી.સી. ધિરાણની રકમ વર્ષ ૨૦૧૯ સુધી ભરપાઈ નહી કરી, પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી રૂપિયા ૩,૩૯,૦૪,૭૬૫/- ની કાયમી ઉચાપત કરેલ હોવાનુ તા.૦૫.૧૦.૨૦૧૯ ના ઓડીટ રીપોર્ટમાં જાહેર થતા પોતાનો ગુનાહિત ઈરાદો પાર પાડવા મંડળીના પ્રમુખ તરીકે પોતાના પુત્ર તહોમતદાર નં.૨ ચિનાજી રાજાજી ઠાકોર તથા તહોમતદાર નં.૩ થી ૭ પોતાના મળતીયા ઈસમોને મંડળીમાં મંત્રી તથા સભ્યો તરીકે નિમણુક કરવા અંગેના ઠરાવ કરી વર્ષ ૨૦૧૯-૨૦૨૦ તથા વર્ષ ૨૦૨૦- ૨૦૨૧ માં ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લી.પાટણ શાખામાં ફરજ બજાવતા તહોમતદાર નં.૮ થી ૧૪ સુધીના જવાબદાર અધિકારી/કર્મચારીઓ તેમજ પોલીસ તપાસમાં નિકળે તે લોકોએ આર્થિક લાભ મેળવવાના બદ ઈરાદા તેમજ એકબીજાના મેળાપીપણાથી પોતાને મળેલ અધિકારોનો દુરઉપયોગ કરી ખોટા હિસાબો તેમજ ખોટા રેકર્ડો ઉભા કરી, બેંકમાંથી ધી સાંપ્રા સેવા સહકારી મંડળી લી. નામે ખોટી રીતે ધિરાણ અપાવી, મંજુર કરાવી, મેળવી લઈ, તા.૦૫.૧૦.૨૦૧૯ ના ઓડીટ રીપોર્ટમાં જાહેર થયેલ ઉચાપતની રકમ રૂા.૩,૩૯,૦૪,૭૬૫ ની વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૩ તથા ૨૦૧૩ થી ૨૦૧૪ ના બાકી કે.સી.સી. ધિરાણના બેંક

એકાઉન્ટમાં ભરપાઈ કરી ગુનો છુપાવવાની કોશિષ કરી, રૂા ૧,૯૨,૩૦,૦૦૦/- ની કાયમી શિલ્ક ઉચાપતનો ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી બેન્ક તેમજ મંડળી સાથે ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપેંડી કરી ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદીએ ફરિયાદ આપેલ.

(૩) આ કામના અરજદાર/આરોપી ની હાલની અરજી ઉપરથી સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ હાજર રહેલા છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ને તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી ને સાંભળ્યા. અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે આંક-૦૩ તથા ૮ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તેમજ આંક- ૦૯ થી રજુ થયેલ ત.ક.અ.શ્રીનું સોગંદનામું તથા તપાસના પોલીસ પેપર્સ વંચાણે લીધા.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલ એવી છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને હાલના બનાવ વિશે કંઈ જાણતા નથી, ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. વધુમાં અરજદાર/આરોપીએ સહઆરોપીઓ સાથે મળી કોઈ ખોટા રેકર્ડ ઉભા કરી કોઈ ઉચાપત કરેલ નથી. હાલના બનાવની ફરિયાદ છ વર્ષ મોડી આપવામાં આવેલ છે અને તે માટે કોઈ સંતોષકારક કારણ દર્શાવેલ નથી. ફરિયાદમાં જણાવ્યા મુજબના કોઈ ગુના હાલના અરજદાર/આરોપીએ કરેલ નથી. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. વધુમાં હાલના ગુનાના સહઆરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફો.પ.અ.નં.૩૧૪૧/૨૦૨૬, ૪૨૩૪/૨૦૨૬, ૪૪૩૩/૨૦૨૬, ૪૮૦૪/૨૦૨૬, ૫૪૬૬/૨૦૨૬ થી રેગ્યુલર જામીન

ઉપર મુકત કરેલ છે અને અન્ય સહઆરોપીઓને અત્રેની નામદાર કોર્ટ દ્ધારા ફો.પ.અ.નં.૧૭૪/૨૦૨૬, ૧૮૩/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરેલ છે. જેથી હાલના અરજદાર/આરોપીનો રોલ જોતાં તેઓને પેરીટીનો લાભ આપવા વિનંતી કરેલ છે. તેઓએ પોતાની દલીલોના સમર્થનમાં (૧) નામદાર દિલ્હી હાઇકોર્ટના જસબીરસીંગ વિ. સ્ટેટ ઓફ, ફો.અપીલ CRL.A.No.૯૫/૨૦૦૭ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ, દત્તારામસીંગ વિ. સ્ટેટ ઓફ યુ.પી. એન્ડ અધર્સ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પર આધાર રાખેલ છે. વધુમાં હાલના ગુનાનું ચાર્જશીટ થઇ ગયેલ છે જે ક્રિ.કેસ નં. ૧૭/૨૦૨૬ થી નામ.જ્યુ.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટ, સરસ્વતીમાં રજીસ્ટર થયેલ છે અને હાલનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેલબ ગુનો છે. વધુમાં અરજદાર/આરોપી અત્રેના જીલ્લાના કાયમી રહેવાસી છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરીની સલામતી છે. જો અરજદાર/આરોપી ને જામીન મુકત ન કરવામાં આવે તો તેઓના પરિવારને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. આ કામે અરજદાર/આરોપીને લગતી તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. તપાસના કામે અરજદાર/આરોપી ની હાજરીની જરૂર નથી. જો અરજદાર/આરોપી ને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે. જેથી અરજદાર/આરોપી ને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૬) સામાવાળા સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે ફરીયાદ હકીકત તેમજ ત.ક.અમલદારનુ આંક– ૦૯ થી રજુ સોગંદનામુ જોવામાં આવે તો, અરજદાર/આરોપી તથા સહઆરોપી ઓએ મળી બેન્કમાંથી પાક ધિરાણની રકમ મેળવી, વ્યાજ સહિત કુલ

રૂા.૭,૮૮,૧૭,૫૧૯/– ની થતી રકમ ભરપાઇ નહી કરી કાયમી ઉચાપત કરેલ છે. અરજદાર/ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. હાલના અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો મહત્વના દસ્તાવેજી પુરાવાનો નાશ કરી તપાસને નુકશાન કરાવે તેવી શકયતા હોઇ જેથી ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ હાલના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે. વધુમાં આ કામે અરજદાર/ આરોપી તથા સહઆરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ થઇ ગયેલ છે. અન્ય સહઆરોપીઓને પકડાવાના બાકી છે. હાલમાં તપાસ ચાલુ છે. જેથી ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ તેમજ ત.ક.અમલદારનુ સોગંદનામુ ધ્યાને લઈ, જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. ત.ક.અમલદારનુ સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો તથા અરજદાર/ આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. આ કામે ફરીયાદ હકીકત તથા ત.ક.અ.શ્રીનું સોગંદનામું ધ્યાને લેતાં હાલના અરજદાર/ આરોપી સામે સહઆરોપી સાથે મળી બેન્કમાંથી પાક ધિરાણની રકમ મેળવી, વ્યાજ સહિત કુલ રૂા.૭,૮૮,૧૭,૫૧૯/– ની થતી રકમ ભરપાઇ નહી કરી કાયમી ઉચાપત કરેલ હોવાનો આક્ષેપ છે. વધુમાં હાલના ગુનાના સહઆરોપીઓને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ફો.પ.અ.નં.૩૧૪૧/ ૨૦૨૬, ૪૨૩૪/૨૦૨૬, ૪૪૩૩/૨૦૨૬, ૪૮૦૪/૨૦૨૬, ૫૪૬૬/ ૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે તેમજ અન્ય સહઆરોપીઓને અત્રેની નામદાર કોર્ટ દ્વારા ફો.પ.અ.નં.૧૭૪/૨૦૨૬, ૧૮૩/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરેલ છે. જેથી હાલના અરજદાર/આરોપીનો રોલ જોતાં તેઓને પેરીટીનો લાભ મળવા પાત્ર છે. વધુમાં આ કામે અરજદાર/ આરોપીને લગતી તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. અરજદાર/આરોપી સામે ચાર્જશીટ થઇ ગયેલ છે. હાલનો ગુનો જે.એમ.એફ.સી. કોર્ટ ટ્રાયેબલ ગુનો છે. વધુમાં, અરજદાર/આરોપી અત્રેના જીલ્લાના કાયમી રહેવાસી છે. ટ્રાયલ

ચાલતા સમય જાય તેમ છે. જો અરજદાર/આરોપી ને જામીન મુકત ન કરવામાં આવે તો તેઓને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીની દલીલો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનો **સંજય ચંદ્રા વિરૂધ્ધ સી.બી.આઈ.**નો ચુકાદો ધ્યાને લેતા તેમજ ઉપરોકત કારણોસર અરજદાર/ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયિક તેમજ ઉચિત જણાતુ હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી જેતાજી ગણેશજી રાજાજી ઠાકોર, ઉ.વ.૨૫, ધંધોઃ ખેતી, રહે. ઉગમણી પાટી, નદાણાપુરા ખેતરમાં બોર ઉપર, મુ.સાંપ્રા, તા.સરસ્વતી, જી.પાટણ નાઓની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૪૩૯ અન્વયેની રેગ્યુલર જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપી એ સરસ્વતી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૧૭૦૪૧૨૫૦૩૭૧/૨૦૨૫, ઈ. પી. કોડની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાના કામે રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો :–</u>

૧. અરજદાર/આરોપી એ ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહીં તેમજ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવાની કોશીશ કરવી નહીં.

૨. અરજદાર/આરોપીએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહીં.

૩. અરજદાર/ આરોપીએ ટ્રાયલ દરમ્યાન અનિવાર્ય સંજોગો સિવાય નિયમીત હાજર રહેવું.

૪. અરજદાર/આરોપીએ સદર ગુન્હાની તપાસના કામે તપાસ કરનાર અમલદારને પુરતો સાથ–સહકાર આપવો.

૫. અરજદાર/આરોપીએ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૬. જો કોઈ અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ જામીન મુકત થયેથી દિન–૧૦ માં નીચેની કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું નીચેની કોર્ટમાં રજુ કરવું.

૭. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું આધાર કાર્ડની નકલ સાથે નીચેની કોર્ટમાં જાહેર કરવું અને તે કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય બદલવું નહી.

૮. અરજદાર/આરોપીએ જામીન નીચેની કોર્ટમાં આપવા.

(૩) આ હુકમ સબંધે સંબંધકર્તા પોલીસ સ્ટેશન તથા નીચેની કોર્ટને યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૩મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩–૦૩–૨૦૨૬
પાટણ

(મહંમદઈરફાન અબ્દુલરઝાકભાઈ શેખ)
ચોથા એડીશનલ સેશન્સ જજ,
પાટણ
જજ કોડ નં.જીજે ૦૦૮૯૨

ARP